SAMVAD E-JOURNAL
ISSN (Online): 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-2, July to September : 2026
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# સાહિત્યમાં પર્યાવરણીય વિચારણા અને વિવેચન

*ડૉ. પિનાકિન જોષી*

પૃથ્વીનું વધતું તાપમાન બદલાતા ઋતુચક્રોએ મનુષ્યને ખૂબ ચિંતિત કર્યો છે. સમગ્ર જીવસૃષ્ટિ અને પર્યાવરણ એક બીજા સાથી ગાઢ રીતે જોડાયેલા છે. પૃથ્વી ઉપરની સમસ્ત પ્રક્રિયાઓ જેવીકે જીવસૃષ્ટિની ઉત્પત્તિ, તેનો જીવનવિકાસ, ખોરાક આ સર્વમાં પર્યાવરણનો ખુબ મોટો ફાળો રહેલો છે. મનુષ્ય આજે જે જીવન જીવી રહ્યો છે તેમાં પર્યાવરણની અસમતુલા જોવા મળે છે જેમ કે, બદલાતી ઋતુઓ, વધુ પડતું પૃથ્વીનું તાપમાન પ્રદૂષણ, પુર, વાવાઝોડું, ધરતીકંપ આ બધો બદલાવ પર્યાવરણમાં ખૂબ જ ઝડપથી આવી રહ્યો છે. તે પૃથ્વી ઉપર વસતી જીવસૃષ્ટિ માટે હાનિકારક છે.

પર્યાવરણની જાળવણી અને સંતુલન મનુષ્ય તેમજ સમસ્ત જીવસૃષ્ટિ માટે ખૂબ જ જરૂરી છે. પૃથ્વી પર આજે કેટલીક જીવસૃષ્ટિ અને વનસ્પતિ સૃષ્ટિ મૃત:પાય અને લુપ્ત થઈ રહી છે.

ભારતીય સંસ્કૃતિમાં વેદકાળથી પ્રકૃતિના તત્ત્વોને પૂજવાનો અને તેનું સંરક્ષણ કરવાની પરંપરા રહેલી છે. આપણે નદી-પર્વતને માતાપિતાનો દરજ્જો આપ્યો છે. ઘણા છોડ જેમ કે વડ, પીપળો, તુલસીને પૂજનીય ગણ્યા છે. વિવિધ કળાઓમાં પણ પ્રકૃતિગાન જોવા મળે છે.

## પર્યાવરણ એટલે શું?

પર્યાવરણ શબ્દને આપણે પરિ+ આવરણ શબ્દથી સંધિ છૂટી પાડીએ છીએ. એટલે કે મનુષ્યની આસપાસ જે આવરણ કે સૃષ્ટિ રહેલી છે તેને પર્યાવરણ કહેવામાં આવે છે. અંગ્રેજીમાં તેને ENVIRONMENT કહે છે. ઘણીવાર મનુષ્ય તેની આસપાસની સામાજિક, આર્થિક, રાજકીય અને ધાર્મિક સ્થિતિના સંદર્ભે પણ પર્યાવરણ શબ્દનો ઉપયોગ કરે છે. અહીંયા પૃથ્વી પરના કુદરતી તત્ત્વો અને કુદરતના પરિબળોને અર્થે પર્યાવરણ શબ્દ પ્રયોજવાનો છે. પૃથ્વી પરની જીવસૃષ્ટિ હવા, પાણી, ખોરાક અને સૂર્યપ્રકાશથી આધારિત છે. તેનાથી સમગ્ર જીવસૃષ્ટિ ચાલે છે. પર્યાવરણના ત્રણ તત્ત્વો ૧. વાતાવરણ ૨. જલાવરણ ૩. મૃદાવરણ. ટૂંકમાં કહીએ તો માનવીની આસપાસની ભૌગોલિક સ્થિતિ અને સજીવો વચ્ચેના વચ્ચેના પારસ્પરિક સંબંધને પર્યાવરણ કહેવામાં આવે છે.

### પર્યાવરણ સંજ્ઞા- વ્યાખ્યા :

યુ.જી.સી. દ્વારા પ્રકાશિત પર્યાવરણ અધ્યયન પુસ્તકમાં પર્યાવરણની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવી છે, “સજીવતંત્ર ઉપર અસર કરતી દરેક બાબત આ પર્યાવરણલક્ષી અભ્યાસનો વિષય છે. આ અભ્યાસ મૂલત: એક બહુવિદ્યાશાખાકીય અભિગમ છે જે આપણા પ્રાકૃતિક જગત અને તેની અખંડિતતા ઉપર માનવીય પ્રભાવ અંગે સમજ આપે છે. એને પ્રાયોગિક (વ્યાવહારિક) વિજ્ઞાન કહી શકાય કારણ કે એનો હેતુ માનવ સંસ્કૃતિને આ પૃથ્વીનાં મર્યાદિત સંસાધનો વડે કેવી રીતે ટકાવી રાખી શકાય એવા વધુ ને વધુ મહત્ત્વના બનતા જતા સવાલનો વહેવારુ જવાબ આપવાનો છે. જીવવિજ્ઞાન, ભૂસ્તરશાસ્ત્ર, રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ઈજરનેરીશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર, માનવશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, કોમ્પ્યુટર અને તત્ત્વજ્ઞાન આ બધાં વિભિન્ન ઘટકોનો પર્યાવરણના અધ્યયનમાં સમાવેશ કરાયો છે." [૧]

“પર્યાવરણ એટલે ચોક્કસ સ્થળ અને સમયે માનવીની આસપાસ રહેલ પરિસ્થિતિ.” (સી.સી.પાર્ક) [૨]

“કોઈ સજીવની આસપાસના તમામ જૈવિક અને અજૈવિક ઘટકોને પર્યાવરણ કહે છે. "[૩]

"કોઈ સજીવના જીવનકાળ દરમિયાન તે જે આસપાસનાં આવરણથી ઘેરાયેલો રહે છે. તેને સયુક્ત રીતે પર્યાવરણ કહેવામાં આવે છે."(૪)

"The environment is not static. Both biotic and abiotic factors are in a flux and keeps changing continuously." (૫)

પર્યાવરણની વ્યાખ્યા આપતાં ડો. ટી. એન. ખોસલા જણાવે છે કે, "તમામ ઈન્દ્રિયોની જિંદગી અને વિકાસને અસર કરે તેવી તમામ શરતો અને પ્રભાવોનો કુલ સરવાળો એ પર્યાવરણ છે."(૬)

State of world Environment તેની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે. "That outer Physical and biological system in which man and organisms live as a whole but a complicated one with many interacting components."(૭)

પર્યાવરણ ગુણવત્તા માટેની યુનાઈટેડ સ્ટેટસ કાઉન્સીલ અનુસાર, "પર્યાવરણ પ્રથામાં માત્ર જીવસૃષ્ટિનો નહીં પરંતુ માનવના કુદરત સાથેના તેમજ આસપાસના સંજોગો સાથે તેણે કરેલ કાર્યોનો સમાવેશ થાય છે." (૮)

"આપણી તરતની બાબત અવકાશ કે જેમાં આપણે રહીએ છીએ તેની ગુણવત્તાની છે, જે હવા શ્વાસમાં લઈએ છીએ તેની શુદ્ધતાની છે, તેમજ ખોરાકની અને પાણીની શુદ્ધતાની છે. આ બાબતમાં આપણા અર્થતંત્રનો આધાર પર્યાવરણમાંથી લેવામાં આવતાં સ્ત્રોતો ઉપર હોવાને કારણે તેનો પણ સમાવેશ કરવામાં આવેલ છે." (કે.આર.દીક્ષિત) (૯)

બ્રીટાનિકા એન્સાઈક્લોપીડિયા અનુસાર, "પર્યાવરણમાં પરસ્પર પરાવલંબી ઈન્દ્રિયોવાળી સજીવ રચના એટલે કે બંને શારીરિક તેમજ જૈવિક વ્યક્તિની આસપાસ કુદરતના વાતાવરણ પર અસર કરતા સમગ્ર ક્ષેત્રનો સમાવેશ થાય છે. " (૧૦)

પર્યાવરણ અંગેની સંકલ્પના : સમગ્ર જીવસૃષ્ટિનું જીવન અને અસ્તિત્વ પર્યાવરણ પર આધારિત છે. પર્યાવરણમાં હવા, પાણી, જમીન, પહાડો, જીવજંતુ, પશુ- પંખી અને માનવોની વિભિન્ન ગતિવિધિઓનું મળેલું સ્વરૂપ છે. એટલે જે પરિવેશ અને વાતાવરણમાં આપણું જીવન વ્યતિત થાય છે તે પર્યાવરણ છે.

પર્યાવરણ અંગેની સંકલ્પના શ્રી હર્ષદભાઈ પટેલ સમજાવે છે :"માનવ અને પર્યાવરણનો નાતો આજકાલનો નહિ, પરંતુ સૃષ્ટિના ઉત્પત્તિ કાળથી રહ્યો છે. માનવ જયારે પુરાતનયુગમાં જીવતો અને પ્રાથમિક કક્ષાનું જીવન ગુજારતો તો અને આદિમાનવ કહેવાતો હતો ત્યારે તે કુદરત કે પર્યાવરણના સંપૂર્ણ પ્રભાવ નીચે જીવન ગુજારતો હતો. પથ્થરયુગ (Stone Age)નો આદિમાનવ કુદરતી પર્યાવરણના પ્રભાવ નીચે જ પોતાની જરૂરિયાતો અને જીવનવ્યવહાર ગોઠવતો હતો. પરિણામે તે સમયે માનવ માટે કુદરતી પર્યાવરણ પોષક-રક્ષક અને આશ્રયદાતા હતું. પર્યાવરણનો પ્રભાવ માનવ સહિત સમગ્ર જીવનસૃષ્ટિ પર ગજબનો હોય છે. માનવજીવનને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પ્રભાવ પાડનાર પર્યાવરણ એક વિશિષ્ટ અને અનોખું કુદરતી આવરણ છે.

પર્યાવરણ શબ્દ જ અર્થસૂચક છે. પરિ અર્થાત આજુબાજુ કે આસપાસ. આવરણ એટલે વિશિષ્ટ સપાટી કે સ્તર-પડ. આમ જીવનસૃષ્ટિની આસપાસ વીંટળાયેલું –પથરાયેલું નૈસર્ગિક ઘટકોનું આવરણ એટલે પર્યાવરણ. પર્યાવરણને અંગ્રેજીમાં એન્વાયર્નમેન્ટ (Environment) કહેવામાં આવે છે. જેની સ્પષ્ટ સમજ આમ છે : 'The Environment is which we live consists of four major elements land, water, Air and living organisms.' ટૂંકમાં માનવી સહિત તમામ જીવો જેના ઉપર આધાર રાખે છે તેવી સંપૂર્ણ કુદરતી વ્યવસ્થાને પર્યાવરણ તરીકે ઓળખી શકાય. હવા જે આપણે શ્વાસમાં લઈએ છીએ, જમીન જે આપણને પોષે છે, પૃથ્વીની આસપાસનું વાતાવરણ જે પૃથ્વી ઉપર જીવન શક્ય બનાવે છે તેમ જ અન્ય સજીવો જે આપણી સાથે આ પૃથ્વી ઉપર અસ્તિત્વ ધરાવે છે તે સઘળાનો સમન્વય એટલે પર્યાવરણ." (૧૧)

પર્યાવરણની સંકલ્પના સ્પષ્ટ કરતાં શ્રી હસમુખલાલ મગનલાલ પટેલ નોંધે છે કે, "માનવી સહિત તમામ જીવો જેના ઉપર આધાર રાખે છે તેવી સંપૂર્ણ કુદરતી વ્યવસ્થાને પર્યાવરણ તરીકે ઓળખાવી શકાય. પૃથ્વીની આસપાસનું વાતાવરણ જે પૃથ્વી ઉપર જીવન શક્ય બનાવે છે. તેમજ અન્ય સજીવો, જે આપણી સાથે આ પૃથ્વી ઉપર અસ્તિત્વ ધરાવે છે તે સઘળો સમન્વય એટલે પર્યાવરણ. પર્યાવરણ શબ્દ પોતે જ

અર્થસૂચક શબ્દ છે, જે બે શબ્દોનો બનેલો છે. જેમાં પરિ અર્થાત આજુબાજુ કે ચોપાસ, જયારે આવરણ એટલે કે વિશિષ્ટ સપાટી કે સ્તર, પડ. જીવસૃષ્ટિની આસપાસ વીંટળાયેલું, પથરાયેલું નૈસર્ગિક ઘટકોનું આવરણ એટલે પર્યાવરણ." (૧૨)

ટૂંકમાં કહીએ તો મનુષ્ય અને સમગ્ર જીવસૃષ્ટિ જે સંપૂર્ણ કુદરત અને તેની વ્યવસ્થા પર આધાર રાખે છે તેને પર્યાવરણ કહી શકાય. બીજા શબ્દોમાં કહીએ તો આપણી જીવસૃષ્ટિની આસપાસ વીંટળાયેલું પથરાયેલું નૈસર્ગિક ઘટકોનું આવરણ એટલે પર્યાવરણ.

આમ જુદા જુદા વિદ્વાનો દ્વારા પર્યાવરણ અંગેની સંકલ્પના સ્પષ્ટ કરવામાં આવી છે.

**પર્યાવરણીય સાહિત્ય:**

મનુષ્ય અને પર્યાવરણ વચ્ચે ઘનિષ્ઠ અને પૂરક સંબંધ રહેલો છે. સમગ્ર જીવસૃષ્ટિ અને મનુષ્યનું અસ્તિત્વ પર્યાવરણને આભારી છે. મનુષ્ય પોતાના અસ્તિત્વ માટે પર્યાવરણ પર આધારિત છે. મનુષ્યને જરૂરી ઘટકો અને પર્યાવરણના વિવિધ તત્ત્વો એકબીજા સાથે સંકળાયેલા છે. એકનું અસ્તિત્વ બીજાને આધારિત છે. આથી પર્યાવરણના તત્ત્વો પ્રત્યે સંવેદના હોવી જરૂરી છે. જે લોકોમાં આવી જાગૃતિ કે સભાનતા નથી તેનામાં તે પ્રગટાવવાનું કામ કળા અને સાહિત્ય કરે છે.

સાહિત્ય અને પર્યાવરણ વચ્ચે અનન્યભાવી સંબંધ રહેલા છે સાહિત્ય આનંદ પ્રાપ્તિ માટે રચાય છે અને આ આનંદ પ્રાપ્તિમાં પર્યાવરણના જુદા જુદા સ્વરૂપોનું વર્ણન થાય છે. જેમાં જોઈએ તો પહાડ, નદી, વૃક્ષો, આકાશ, દરિયો, સૂર્ય, તારા, ચંદ્ર, પશુ-પક્ષીની સૃષ્ટિ ભિન્ન ભિન્ન વનસ્પતિ, વેલાઓ અને સવાર-સાંજ, ચોમાસુ, ઉનાળો, શિયાળો, વરસાદ, હિમવર્ષા, તાપ, ઠંડી જેવા વાતાવરણનું આલેખન થતું જોવા મળે છે. પ્રકૃતિ અને પર્યાવરણના આલેખનથી સાહિત્ય સમૃદ્ધિ પામ્યું છે.

ભારતીય સાહિત્યમાં જોઈએ તો વેદો એ સૌથી પ્રાચીન ગ્રંથ છે. વેદોમાં વ્યક્ત થયેલું સાહિત્ય ભારતીય સંસ્કૃતિની ધરોહર છે. ભારતીય જીવનના ચાર પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ અને મોક્ષને રજૂ કર્યા છે. વેદોમાં પૃથ્વી અને સંતુલિત જીવસૃષ્ટિ માટેની કામના કરેલી છે. પર્યાવરણના શુદ્ધિકરણ માટે શાંતિ સ્તોત્રોનું પઠન વૈદિક રુચાઓમાં સમાવ્યું છે. વેદોમાં જણાવ્યા અનુસાર પૃથ્વી, અગ્નિ,જળ,વાયુ અને આકાશ એમ પાંચ તત્ત્વો જેને પંચ મહાભૂત ગણાવ્યા છે આ પાંચ તત્ત્વો નો વિશેષ મહિમા વૈદિક સાહિત્યમાં છે.

ઋગ્વેદમાં પૃથ્વીને માતૃ સ્વરૂપે સ્વીકારી છે કારણ કે, પૃથ્વી પણ તેના પર રહેનાર દરેકની કાળજી લે છે. જળપ્રદાન કરનારી નદીને પણ માતાની ઉપમા આપી છે. નદીઓના કિનારે જ માનવ સભ્યતાનો વિકાસ થયો છે. વાયુને દેવ તરીકે માનીને પ્રાર્થના કરી છે. પર્યાવરણમાં અનેક પ્રકારના વાયુ છે. તેમાંય આપણને શુદ્ધ વાયુ મળી રહે તે જરૂરી છે. અગ્નિ તત્ત્વોને પણ પૂજનીય માનવામાં આવ્યું છે. આમ વેદોમાં જીવન ઉપયોગી પર્યાવરણના તમામ તત્ત્વો જેવા કે વૃક્ષ, વનસ્પતિ, ઔષધીઓ પશુ, પક્ષીઓ ,સૂર્ય, ચંદ્ર, તારા, તથા ધરતી અને તેના અનેક તત્ત્વોની જાળવણીનો ઉદ્દેશ્ય સ્પષ્ટ થાય છે.

વેદોની જેમ ઉપનિષદો અને પુરાણોમાં પણ પ્રકૃતિ અને પર્યાવરણના વિભિન્ન તત્ત્વોની ઉપસ્થિતિ રહેલી છે. જ્ઞાનની પ્રાપ્તિ માટે ઋષિમુનિઓ પ્રાકૃતિક વાતાવરણમાં જ જીવન વ્યતિત કરતાં. વેદમાં જેમ પંચમહાભૂતની ચર્ચા થયેલ છે એમ ઉપનિષદમાં પણ પ્રકૃતિ અને પર્યાવરણની વાત થયેલી છે. ઉપનિષદોમાં પણ તુલસી, પીપળો, વડ, લીમડો, આસોપાલવ, ઉમરો, સમડી, બિલ્લી, કદમ, આંબો, જેવા વૃક્ષોનું ધાર્મિક અને શુભ મહત્ત્વ વ્યક્ત થયેલું છે. ધરતી માતાને પણ તેઓ દેવતુલ્ય ગણી તેની આરાધના કરે છે. સૂર્યનો પણ ખૂબ જ મહિમા ઉપનિષદમાં જોવા મળે છે.

અન્ય ભારતીય સાહિત્યની વાત કરીએ તો આપણા મહાકાવ્યો રામાયણ, મહાભારત કે પૌરાણિક યુગના નાટકો અને મધ્યકાલીન સાહિત્યથી લઈ અર્વાચીન સાહિત્ય સુધી પર્યાવરણનો મહિમા થયેલો જોવા મળે છે. જૈન અને બૌદ્ધ સાહિત્યમાં પણ પર્યાવરણ વિચાર જોવા મળે છે. ભારતીય આદિવાસી સાહિત્યમાં પણ પર્યાવરણનો મહિમાગાન જોવા મળે છે.

ગુજરાતી સાહિત્યમાં પણ મધ્યકાલીન અને અર્વાચીન સાહિત્યમાં પર્યાવરણનું નિરૂપણ જોવા મળે છે. મધ્યકાલીન સાહિત્યમાં કવિઓનું લક્ષ ધર્મ હતો. પરંતુ પ્રકૃતિનું આલેખન પણ જોવા મળે છે. હેમચંદ્રાચાર્યએ પોતાના સાહિત્યમાં વીરતા, પ્રેમ વગેરેના દુહા ગાયા છે તો ક્યાંક ક્યાંક પ્રકૃતિનો ઉલ્લેખ પણ જોવા મળે છે. નરસિંહ પૂર્વેના સાહિત્યમાં રેવંતગીરીરાસો, ગૌતમરાસ, નેમીનાથચતુષ્પદીકા જેવી રાસ કૃતિઓમાં

પ્રકૃતિ આહલાદક નિરૂપણ પામી છે. જૈનેતર સાહિત્યકારોનું પ્રધાન નિરૂપણ તો અધ્યાત્મભાવ છે. પરંતુ આ અધ્યાત્મભાવને આલેખોમાં કવિઓએ પ્રકૃતિનું આવલંબન સુપેરે લીધું છે. નરસિંહ મહેતાના વસંતના પદોમાં પ્રકૃતિનું આલેખન જોવા મળે છે. મીરા, અખો, ભાલણ,પ્રેમાનંદમાં પણ પ્રકૃતિના આલેખન જોવા મળે છે. દયારામની ગરબીઓમાં પ્રકૃતિ કૃષ્ણમય બની હોય તેમ લાગે છે.

અર્વાચીન ગુજરાતી કવિતાના આરંભબિંદુ તરીકે દલપતરામનું 'બાપાની પીંપર' (1845) કાવ્ય નોંધપાત્ર ગણાય છે. આ કૃતિમાં પ્રકૃતિનું વિશિષ્ટ નિરૂપણ જોવા મળે છે. દલપતરામની એક પંક્તિ જુઓ:

"રૂડો, જુઓ આ ઋતુરાજ આવ્યો, મુકામ તેણે વનમાં જમાવ્યો,

તરુવરો એ શણગાર કીધો, જાણે વસંતે શરપાવ દીધો."

આમ, દલપતરામની કવિતામાં મનભાવન રીતે પ્રકૃતિ નિરૂપણ થયેલું જોવા મળે છે.

નર્મદ, નંદશંકર અને નવલરામ સુધારક યુગના સાહિત્યમાં સુધારા ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરે છે પરંતુ તેમના સાહિત્યમાં પણ પ્રકૃતિ જોવા મળે છે. ગોવર્ધનરામ બાલાશંકર, મણિલાલ, નરસિંહરાવ, રમણભાઈ નીલકંઠ, કાન્ત, કલાપી, નાનાલાલ જેવા સાહિત્યકારોના સાહિત્યમાં પણ પ્રકૃતિ જોવા મળે છે. ગાંધીયુગમાં ગાંધીજીના પ્રભાવને કારણે સાહિત્યમાં ગ્રામ્ય જીવન અને તેની વિશેષતા અને મર્યાદાઓ ખાસ કરીને આલેખાય છે. પરંતુ સાથે સાથે પ્રકૃતિનો આલેખન પણ જોવા મળે છે. જેમાં ઉમાશંકર, સુન્દરમ, મેઘાણી, ધૂમકેતુ, રા.વી પાઠક, પ્રહલાદ પારેખ, રાજેન્દ્ર શાહ, પ્રિયકાન્ત મણીયાર જેવા સાહિત્યકારોનું વિશેષ પ્રદાન જોવા મળે છે.

આધુનિક અને અનુઆધુનિક સાહિત્યમાં સુરેશ જોશી, કિશોર જાદવ, ચંદ્રકાંત બક્ષી જેવા સર્જકોની સાથે કવિ ઉશનસ, મકરંદ દવે, જયંત પાઠક, પ્રિયકાન્ત મણિયાર, નિરંજન ભગત જેવા કવિઓની કવિતામાં પ્રકૃતિ નિરૂપણ જોવા મળે છે. ગુજરાતી સાહિત્યમાં કિશોરસિંહ સોલંકીની 'અરવલ્લી' નવલકથા પર્યાવરણ આલેખન સંદર્ભે ખૂબ જ નોંધપાત્ર કૃતિ છે. આ ઉપરાંત ધ્રુવ ભટ્ટની 'તત્ત્વમસિ', 'સમુદ્રાન્તિકે', 'અકુપાર'માં પર્યાવરણ જતનનો સ્પષ્ટ સંદેશ જોવા મળે છે. આમ ગુજરાતી સાહિત્યમાં પણ પર્યાવરણ પ્રકૃતિને ધ્યાને રાખીને સાહિત્ય રચનાઓ થયેલી છે.

પર્યાવરણકેન્દ્રી વિવેચન વિચારણા ::

સાહિત્યને જેમ વિવિધ દ્રષ્ટિકોણથી તપાસવામાં આવે છે. તેમ પર્યાવરણકેન્દ્રી દ્રષ્ટિકોણથી પણ તપાસવામાં આવે છે. પર્યાવરણકેન્દ્રી વિવેચનાએ આધુનિક જીવનશૈલી અને મૂડીવાદને કારણે દૂષિત થયેલા પ્રાકૃતિક જગતનું વૈજ્ઞાનિક રીતે વિશ્લેષણ કરે છે. એમાં ભૌતિક સ્ત્રોતો કરતા પ્રાકૃતિક સ્ત્રોતોનું મહત્ત્વ સાંસ્કૃતિક બાબતે વિચારાયું છે.

શ્રી નૂતન જાની નોંધે છે કે, " પર્યાવરણકેન્દ્રી વિવેચન વિચારણા મનુષ્યના મનુષ્ય સાથેના સંબંધોની નહીં, કે જીવનની વિસંગત પરિસ્થિતિઓની નહીં, પરંતુ પ્રકૃતિ સાથેના મનુષ્યના સંબંધની વાત પર ભાર મૂકે છે. પ્રકૃતિ પર વર્ચસ્વ જમાવી એનો ભૌતિક સ્ત્રોત તરીકેનો ઉપયોગ ક્રમશઃ માનવતાના હ્રાસ તરીકે ફંટાયો છે. મનુષ્યનું પ્રકૃતિ પરનું આધિપત્ય ભવિષ્યની માનવ પેઢીના મૂલ્યવાન જીવનમાં નક્કર ખાલીપો સર્જશે. પ્રકૃતિની ગોદમાં એની સંગે એના થકી જ પોષાઈને સંવર્ધિત થયેલ જીવનનો અંત આણશે , વ્યક્તિ માત્રને પોતાના અતિપરિચિત પ્રાકૃતિક વાસ્તવથી દૂર કરશે, સમાજથી દૂર કરશે અને પોતે જે સ્થળે જન્મ્યો -જીવ્યો- શ્વસ્યો – વસ્યો તે સ્થળ પરથી પણ તેના મૂળ કાયમ માટે ઉખેડી ફેંકશે. પૃથ્વી ગ્રહની આસપાસ રચાયેલા જૈવિક અજૈવિક વાતાવરણને કારણે જ જે મનુષ્યજાત અસ્તિત્વ ધરાવે છે તેના પર તોળાતું જોખમ દરેક જ્ઞાનવિજ્ઞાન શાખાના બૌદ્ધિકો માટે ચિંતા પ્રેરનારું નિવડ્યું છે. સાહિત્ય અને મનુષ્ય જીવનની સંબંધ ભૂમિકા વિશે પણ તેથી જ નવેસરથી વિચારવાનું વલણ પર્યાવરણકેન્દ્રી વિવેચનવિચારણામાં જોઈ શકાય છે"[૧૩]

આજે જીવન જીવતો મનુષ્ય મૃત્યુથી નથી ડરતો એટલો આવનારા સમયના દૂષિત જીવનથી અને સામૂહિક મૃત્યુના ભણકારથી ભયભીત છે. આ ભયને દૂર કરવા પશ્ચિમના વિવેચકોએ પ્રકૃતિ તરફ ફરીથી જવા માટેનો રસ્તો બતાવ્યો છે. તેઓ જણાવે છે કે મનુષ્યએ ફરીથી પ્રકૃતિનું આધિપત્ય સ્વીકારવું પડે તેવો સમય આવી ગયો છે. મનુષ્યને પ્રકૃતિ તરફ વાળવા વિજ્ઞાન અને સમાજ બંનેનો સહિયારો પ્રયત્ન હોવો જરૂરી છે.

પર્યાવરણકેન્દ્રી વિવેચન વિચારને અનુસાર વિવેચકો પર્યાવરણના પ્રદૂષણને વિજ્ઞાન સાથે જોડે છે તેઓ એમ પણ માને છે કે પર્યાવરણનું રાજકારણ અને સામાજિક નીતિ નિયમો પણ વિજ્ઞાન પર જ અવલંબિત છે એટલે કે જ્યારે વિજ્ઞાનનો વિકાસ થતો હોય ત્યારે સંસ્કૃતિ અને પર્યાવરણ અંગે પણ વિચારવું પડે.

શ્રી નૂતન જાની નોંધે છે કે, " પર્યાવરણકેન્દ્રી વિવેચનવિચારણા વિશેના લેખોનું મહત્ત્વનું અમેરિકન સંપાદન "The Ecocriticism Reader" (1996) ના નારીવાદી પર્યાવરણકેન્દ્રી વિવેચક સંપાદક ગ્લોટફેલ્ટી નોંધે છે, "ecocriticism is the study of the relationship between literature and the physical environment. Just as Feminist Criticism examines language and literature from a gender conscious perspective, and Marxist Criticism brings an awareness of modes of production and economic class to its reading of texts, ecocriticism takes an earth entered approach to literary studies" (Pg. xix) સજીવ-નિર્જીવ પદાર્થજગત સાથે સંબંધિત પર્યાવરણ, પ્રકૃતિનાં તમામ સ્થૂળ સૂક્ષ્મ તત્ત્વો અને સાહિત્યના આંતરબાહ્ય સંબંધની તપાસ કરવાનો આશય પર્યાવરણકેન્દ્રી વિવેચનવિચારણાના મૂળમાં રહેલો છે. આ આશયપૂર્વક થતા અભ્યાસમાં સાહિત્યનો અભ્યાસ પૃથ્વીગ્રહને કેન્દ્રસ્થ બાબત ગણીને કરવામાં આવે છે. આ પ્રકારના વિવેચનને અનુસરનારા વિવેચકોનો એક પગ 'ભૂમિ' (land) પર અને બીજો પગ 'સાહિત્ય' (literature)માં હોય છે. " [૧૪]

'પર્યાવરણ બચાવો' અભિયાન નિમિત્તે ૨૨ એપ્રિલ, ૧૯૭૦ થી દર વર્ષે ૨૨મી એપ્રિલ 'Earth Day' (પૃથ્વી દિવસ) રૂપે અને ૫મી જૂન 'Environmental Day' (પર્યાવરણ દિન) રૂપે ઊજવાય છે. ઈ.સ. ૧૯૬૦-૭૦ ના દાયકાથી 'પર્યાવરણવાદ' (Environmentalism) વિશેની સભાનતા પ્રવર્તતી થઈ ત્યારથી 'નૈસર્ગિક સિદ્ધાંત' (Ecotheory) અને વિવેચન વિશેની વિચારણાનો અમેરિકામાં આરંભ થયો, ત્યારથી જ આ દિશા તરફ સભાનતાથી વિચારણા કરવાની પ્રવૃત્તિ અનેક જૂથોમાં આરંભાઈ. ઈ.સ. ૧૯૭૯ માં ઉદામ પર્યાવરણવાદીઓનું (Radical Environmentalists) જૂથ અસ્તિત્વમાં આવ્યું. એ જૂથનું વિચારસૂત્ર છે, "No Compromise for the defence of the Mother Earth". અહીં 'Mother Earth' સંજ્ઞામાં અધ્યાત્મવિચારનો સંકેત મહત્ત્વનો છે. આ જૂથના વિવેચકો માટે જનની અને પૃથ્વીમાતા બંને જીવન આપનાર, જીવનના ચાલકબળ રૂપે સતત કાર્યરત રહેનાર વિશિષ્ટ પાત્રો છે. આ જૂથની વિચારણાનું કેન્દ્રબળ પણ ગહન પરિસ્થિતિ વિજ્ઞાનની વિચારણામાં રહેલી ભૂમિકામાંથી જ પ્રગટ્યું છે. " [૧૫]

પશ્ચિમના દેશોમાં પર્યાવરણ પ્રદૂષણને કારણે ઊભા થયેલા જોખમો અંગેની સભાનતા જેમ જેમ વધતી જાય છે તેમ તેમ પર્યાવરણકેન્દ્રી વિવેચનનો પ્રતિસાદ વધતો જાય છે. અમેરિકામાં આના માટે કાર્યરત સંસ્થા છે જેનું નામ છે "Association for Study of Literature and Environment" (ASLE). આ સંસ્થામાં હજારો અભ્યાસ ઉત્સુક વિવેચકો સભ્યપદ ધરાવે છે. અમેરિકા, કોરિયા, જાપાન, યુકે, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ જેવા દેશોમાં તેનો પ્રચાર પ્રસાર થયેલો છે. ASLE સંસ્થાને પ્રાધાન્ય આપી સાહિત્યનો તર્કસંગત અભ્યાસ, ફિલ્મ ટીવી કાર્યક્રમો, કળા સ્થાપત્ય અને સાંસ્કૃતિક મૂલ્ય ધરાવતા માનવસર્જિત ઉદ્યાનો પ્રાણીસંગ્રહાલયો , શોપિંગ મોલ વગેરે અભ્યાસોને પ્રેરે છે. સાંપ્રત સાહિત્યિક અને સાંસ્કૃતિક બાબતોનો અભ્યાસ કરતી સૈદ્ધાંતિક વિચારણાઓમાં આનુ સ્થાન વિશેષ છે.

" ઈ.સ. 1991માં જોનાથન બેટે (Jonathan Bate) પ્રકૃતિચેતનાના રોમેન્ટિક કવિ વિલિયમ વર્ડ્સવર્થ (William Wordsworth)ના સાહિત્યનું Romantic Ecology: Wordsworth and the Environmental Tradition કૃતિમાં પર્યાવરણીય/ઈકોક્રિટિકલ અભિગમથી અધ્યયન કર્યું છે." [૧૬] જ્યારે ઈ.સ. 1994માં કાર્લ ક્રોબરે (Karl Kroeber) Ecological Literary Criticism: Romantic Imagining and the Biology of Mind કૃતિમાં રોમેન્ટિક કવિ પર્સી બિશ શેલી (Percy Bysshe Shelley)ના સાહિત્યનું પર્યાવરણીય વિવેચન કર્યું છે." [૧૭]

"ઈ.સ. 1995માં સાયમન શામાએ (Simon Schama) Landscape and Memory કૃતિમાં પ્રકૃતિ, ભૂદૃશ્ય, ઇતિહાસ, સંસ્કૃતિ અને માનવસ્મૃતિ વચ્ચેના આંતરસંબંધોને આંતરવિદ્યાશાખીય અભિગમથી તપાસ્યા છે." [૧૮] આ કૃતિ પર્યાવરણ અને માનવસંસ્કૃતિના સંબંધને સમજવા માટે મહત્ત્વપૂર્ણ સંદર્ભરૂપ બને છે. એ જ રીતે, "રિચર્ડ કેરિજ અને નીલ સેમેલ્સ દ્વારા સંપાદિત Writing the Environment: Ecocriticism and Literature (1998)માં રિચર્ડ કેરિજે ઈકોક્રિટિસિઝમના વ્યાપક સાંસ્કૃતિક અભિગમને સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે, "Most of all, ecocriticism seeks to evaluate texts and ideas in terms of their coherence and usefulness as responses to

environmental crisis" "[૧૯] એટલે કે, ઈકોક્રિટિકલ અભિગમ માત્ર સાહિત્યમાં પ્રકૃતિ કે પર્યાવરણના નિરૂપણને ઓળખવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ સાહિત્યિક કૃતિઓ અને વિચારો પર્યાવરણીય સંકટ પ્રત્યે કેટલા સુસંગત, ઉપયોગી અને જવાબદાર પ્રતિભાવ આપે છે તેનું પણ મૂલ્યાંકન કરે છે.

આવા અભ્યાસ દરમ્યાન આ અભિગમને અનુસરનારા વિવેચકોએ એક ચોક્કસ સભાનતા કેળવીને વિષયમાં પ્રવેશ કરી તેનું પરીક્ષણ, પૃથક્કરણ કરવાનું હોય છે. ગ્લોટફેલ્ટીએ "The Ecocriticism Reader"માં એક સૂચિ આપી છે જે સાહિત્યના અભ્યાસ માટે વિવેચકોને મદદરૂપ નીવડે તેવી છે.

-સાહિત્યમાં પ્રકૃતિનાં તત્ત્વોનો વિનિયોગ કઈ રીતે થાય છે ?

-કોઈ ચોક્કસ સાહિત્યકૃતિનો વણ્યવિષય કઈ વાસ્તવિક સંરચના(માળખા) સાથે સંબંધિત છે ?

-કૃતિમાં નિર્દેશિત મૂલ્યો પરિસ્થિતિ વિજ્ઞાનજન્ય મૂલ્યવત્તા ધરાવે છે ?

-પ્રકૃતિસંલગ્ન રૂપકો (સૂર્ય, ધરતી, દરિયો, વ.) સાથે સર્જક કઈ રીતે કામ પાડે છે ?

-વર્ણ, વર્ગ અને જાતિ સંદર્ભે પ્રકૃતિ કઈ રીતે સાહિત્યની સામગ્રી બને છે ?

-પુરુષસર્જક પ્રકૃતિ વિશે સ્ત્રીસર્જક કરતાં જુદી રીતે લખે છે ?

- સાંપ્રત સાહિત્યને અને લોકપ્રિય સંસ્કૃતિને પર્યાવરણની સમસ્યાઓ કઈ રીતે પ્રભાવિત કરી રહી છે ?

-પર્યાવરણ વિશે સરકાર, સરકારી અહેવાલો, કોર્પોરેટ વિશ્વ, મિડિયા વિશ્વ કાર્યરત છે ? કઈ રીતે?

-પરિસ્થિતિ વિજ્ઞાન સાહિત્યના અધ્યયન માટે આવશ્યક છે ?

-વિજ્ઞાન સાહિત્યના વિશ્લેષણ માટે ઉપયોગી થઈ શકે ?

-સાહિત્યિક અધ્યયનો, પર્યાવરણપરક પરામર્શો, ઇતિહાસ, ફિલસૂફી કે મનોવિજ્ઞાન આદિ શી રીતે સંબંધિત છે ?

The New Critical Idiom શ્રેણીના Ecocriticism પુસ્તકના પ્રથમ પૃષ્ઠ પર નોંધ છે, "Ecocriticism explores the ways in which we imagine and portray the relationship between humans and the environment in all areas of cultural production, from Wordsworth and Thoreau to Disney and BBC nature documentaries. It is inspired by, but also critical of, modern environmental movements"." (૨૦)

પાશ્ચાત્ય સાહિત્યમાં જ્યારે રોમેન્ટિક યુગ હતો ત્યારે તે સમયના કવિઓએ' Go back to Nature' સૂત્રનો પ્રસાર કરેલો આજે પશ્ચિમના સાહિત્યકારો પર્યાવરણકેન્દ્રી સાહિત્યિક અભિગમને અત્યંત ગંભીરતાથી લઈ સાંપ્રત રાજકીય મુદ્દા તરીકે આલેખવાનો પ્રયત્ન કર્યો છે. 18 મી સદીના સાહિત્યમાં જીવન અનુભૂતિઓ ઉપરાંત એના સામાજિક અનુભવોનું નિરૂપણ શરૂ થયું. આ બાહ્ય જીવન નિરૂપણ માનવ દ્વારા ઉભો કરવામાં આવેલો સમાજ અને બદલાતી સંસ્કૃતિને કારણે જ શક્ય બન્યું છે. માણસ આજે વિજ્ઞાન તરફ પ્રેરાયો છે ત્યારે તેના આંતરિક જીવનની શૂન્યતા, વિચ્છિન્નતા, ખોડ ખાંપણ તથા પ્રદુષણ તરફ ફંટાયો છે. સાહિત્યનું કામ જ આ છે કે, જે વાસ્તવિક સૃષ્ટિમાં ન બનતું હોય જે બનાવવું જરૂરી છે અને દર્શાવવાનું છે. પ્રકૃતિની માનવ સંસ્કૃતિ ઉપર શું અસર પડતી હોય છે તે પણ પર્યાવરણકેન્દ્રી વિવેચના વિચારે છે.

શ્રી નૂતન જાની નોંધે છે કે ;, " બ્રિટિશ પર્યાવરણકેન્દ્રી વિવેચક Richard Keridge "Writing the Environment" (1998) માં ઇકો વિવેચકના કાર્યને વર્ણવતાં કહે છે, "The Ecocritic wants to track environmental ideas and representations wherever they appear, to see more clearly a debate which seems to be taking place, offen part-concealed, in a great many cultural spaces. (Pg. 5) સાંસ્કૃતિક અવકાશો અને અન્ય જગાઓએ પર્યાવરણ વિષયક વિચારો કઈ રીતે અભિવ્યક્ત થાય છે તે પ્રત્યે ઈકોવિવેચક સભાન થઈ કાર્યરત

થાય છે. પર્યાવરણકટોકટી સંદર્ભે સાહિત્યકૃતિમાં આલેખાયેલ વિચારો કઈ રીતે ઉપયોગી બને તેમ છે તેનું મૂલ્યાંકન, વિશ્લેષણ ઇકોવિવેચક કરતો હોય છે.) " (૨૧)

જની પર્યાવરણકેન્દ્રી વિવેચનામાં સાંસ્કૃતિક પરિવેશ, પરિસ્થિતિવિજ્ઞાન અને માનવવિકાસ સાથે સંકળાયેલા વિવિધ ક્ષેત્રોના પર્યાવરણીય સંદર્ભોનું વિશ્લેષણ કરવામાં આવે છે. પ્રકૃતિ, કૃષિપરિવેશ, વૈશ્વિકતા, સાયબર સંસ્કૃતિ અને ટેકનોલોજી સાથે મનુષ્ય શી રીતે બંધાયેલો છે તે તપાસ પણ અહીં થાય છે. પર્યાવરણને બચાવવા માટે રાજકારણ, સમાજ, શૈક્ષણિક જગત, ફિલોસોફી, આર્થિક જગત, દરેક ક્ષેત્રે જાગૃતિ આવી છે. તેમાં વનસંરક્ષણ, વૃક્ષારોપણ, સીએનજી સંચાલિત વાહનોનો વપરાશ, બેટરી સંચાલિત વાહનો,પ્લાસ્ટિક વપરાશ પર નિયંત્રણ, ગાર્બેજ રિસાયકલિંગ, વોટર રિસાયકલિંગ, ગોબરગેસ પ્લાન્ટ, માનવ વસ્તી નિયંત્રણ વગેરે પદ્ધતિઓ અમલમાં મૂકવામાં આવી છે. વનયોજનાને ટકાવી રાખવા જુદી જુદી યોજનાઓ અમલમાં આવી રહી છે વૃક્ષારોપણને ખૂબ મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. સૌર ઊર્જાનો વિવિધ ઉપયોગ અને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. પ્રકૃતિ જીવનદાતા છે, પ્રકૃતિ મૂલ્યવાન છે એવી અર્થ સભર વિચારણાઓ માટે પ્રજાજનોને કેળવવામાં આવે છે.

## સંદર્ભ નોંધ


(૧) ભરૂચા એરચ, 'પર્યાવરણ અધ્યયન', પૃ.૨

(૨) રાવ હેમીક્ષા, 'પર્યાવરણનું સમાજશાસ્ત્ર', ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ. અમદાવાદ, પૃ.૮,

(૩) ગઢવી અભિજીત, 'પર્યાવરણ', વિધ્યાલય પબ્લિકેશન, ગાંધીનગર, પૃ. ૧

(૪) એજન, પૃ. ૧

(૫) એજન, પૃ.૧

(૬) રાવ હેમીક્ષા, 'પર્યાવરણનું સમાજશાસ્ત્ર', ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ. અમદાવાદ, પૃ.૬

(૭) એજન, પૃ.૬

(૮) એજન, પૃ.૬

(૯) એજન, પૃ.૭

(૧૦) એજન, પૃ.૬

(૧૧) મોદી નગીન, 'પર્યાવરણનું પારાયણ', પૃ. ૧૪૯, ૧૫૦

(૧૨) મોદી નગીન, 'પર્યાવરણનું પારાયણ', પૃ. ૧૬૨

(૧૩) નૂતન જાની 'પર્યાવણકેન્દ્રી વિવેચન વિચારણા' પૃ.૩૨-૩૩

(૧૪) એજન, પૃ.૩૬

(૧૫) એજન, પૃ.૩૭

(૧૬) Jonathan Bate, *Romantic Ecology: Wordsworth and the Environmental Tradition* (London: Routledge, 1991), p. 115

(૧૭) Karl Kroeber, *Ecological Literary Criticism: Romantic Imagining and the Biology of Mind* (New York: Columbia University Press, 1994), pp. 120–138.

(૧૮) Simon Schama, *Landscape and Memory* (New York: Alfred A. Knopf, 1995), pp. 3–4.

(૧૯) Richard Kerridge, "Introduction," in Richard Kerridge and Neil Sammells, eds., *Writing the Environment: Ecocriticism and Literature* (London: Zed Books, 1998), p. 5.

(૨૦) નૂતન જાની 'પર્યાવણકેન્દ્રી વિવેચન વિચારણા' પૃ.૩૮-૩૯

(૨૧) એજન, પૃ.૪૨